## પરમ તારક શ્રી જિનશાસનના શણગાર રૂપ એવાં
# સાધુ-સાધ્વીજીઓને સોનેરી શિખામણો

નોંધનાર : અચલગચ્છ મુનિમંડલાગ્રેસર
પ. પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા.

[ અહીં પ્રગટ થતી ૩૯ નોંધો અચલગચ્છાધિપતિ મુનિમંડલાગ્રેસેર પ. પૂ. દાદાશ્રી ગૌતમસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે તૈયાર કરેલી તે અહીં અક્ષરસઃ આપેલી છે. ]

પહેલાના સમયમાં ગચ્છનાયકો પોતાના સમુદાયમાં રત્નત્રયની સુંદર આરાધના થતી રહે, તે માટે આવા આદેશપટ્ટકો કાઢતા અને તેને અનુસરી સાધુ-સાધ્વીજી ભગવંતો આરાધનામાં ઉલ્લાસભેર આગળ ધપતા. આ ૩૯ સોનેરી શિખામણો સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની વૃદ્ધિ અને રક્ષણને લગતી છે, તેમ જ સાધુ-સાધ્વીજીઓને અંતિ ઉપયોગી છે. અંચલગચ્છાધિપતિ તથા છેલ્લા શ્રીપૂજ જિનેન્દ્રસાગર-સૂરિજીના સમયમાં અંચલગચ્છનાં પૂર અભિતઃ ઓસરતા રહ્યાં હતાં. તે અગાઉથી જ સાધુઓ ગોરજીનો સ્વાંગ સજી પોશાળોમાં સ્થિરવાસ કરી, આજીવિકા માટે જ્યોતિષાદિના માધ્યમથી શિથિલ જીવન જીવતા થઈ ગયા હતા. તેઓ સમાજમાં આધ્યાત્મિક નેતૃત્વ પૂરું નહોતા પાડતા. આવા જ સમયે આપણા શ્રીસંઘના ભાગ્યોદયે રાજસ્થાનમાં શ્રીમાળી બ્રાહ્મણ કુળમાં જન્મેલા બાળ ગુલાબમલ્લ કે જેઓ પછીથી અંચલગચ્છ મુનિમંડલાગ્રેસર મુનિશ્રી ગૌતમસાગરજી ( પછીથી અચલગચ્છાધિપતિ પૂ દાદાશ્રી ગૌતમસાગરસુરિજી ) ને નામે પ્રસિદ્ધિ પામ્યા હતા, તેઓએ સં. ૧૯૪૬, ફાગણ સુદ ૧૧ ના પોતાની જન્મભૂમિ પાલી શહેરમાં ક્રિયોદ્ધાર કરી, સંવેગી દીક્ષા લઈ જિનશાસનની અને અંચલગચ્છની ઉન્નતિ માટે વિરાટ કદમ ઉઠાવ્યું. અંચલગચ્છના ઈતિહાસમાં 'ક્રિયોદ્ધારક' 'કચ્છ હાલાર દેશોદ્ધારક' જેવાં બિરુદોથી તેઓ નવાજાયા છે. સં. ૧૯૪૮-૪૯ ના કચ્છ, ભૂજનગરના ચાતુર્માસ બાદ સં. ૧૯૪૯ મહા સુદ ૧૦ ના તેઓએ સુથરી ગામના ઉભાઈયાભાઈને 'ઉત્તમસાગર' નામ આપીને દીક્ષા આપી. એ જ વર્ષમાં સુથરી તીર્થમાં જેઠ સુદ ૧૦ ના ચીઆસરના ગોવરભાઈને દીક્ષા આપી મુનિશ્રી ગુણસાગરજી નામ આપ્યું, તેમ જ શ્રાવિકા સોનબાઈ અને શ્રાવિકા ઉમરબાઈને એ જ દિવસે દીક્ષા આપી સાધ્વીશ્રી શિવશ્રીજી અને સાધ્વીશ્રી ઉત્તમશ્રીજી નામ આપ્યાં. ત્યાર બાદ તેઓશ્રીની પ્રેરણા-સદુપદેશથી તેઓના પવિત્ર કરકમલોથી અનેક મુમુક્ષુ આત્માઓએ ભાગવતી દીક્ષા સ્વીકારી. તેઓના હસ્તે યા નિશ્રામાં યા તો પ્રેરણાથી થયેલ દીક્ષાઓનો આંક લગભગ સોની (૧૦૦) સંખ્યાને આંબી જાય છે. સમગ્ર સાધુ-સાધ્વી સમુદાય તેઓની આજ્ઞામાં હતો. તે દરમ્યાન પોતાના સમુદાયની વ્યવસ્થા અને સમુદાયમાં રત્નત્રય આરાધનાદિની વૃદ્ધિ થાય તે માટે આ પ્રસ્તુત ૩૯ નિયમો કે કલમોની નોંધ તૈયાર કરેલ હોય તેમ લાગે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંચલગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિજી મ. સા. સ્વયં જિંદગીના છેલ્લા શ્વાસ સુધી પોતાના મુનિજીવનમાં અને રત્નત્રયની આરાધનામાં લીન હતા. તેઓ સં. ૨૦૦૯, વૈશાખ સુદ ૧૩ના ભૂજનગરમાં કાળધર્મ પામ્યા હતા. પણ તે અગાઉ સં. ૨૦૦૧ ના માગશર સુદ ૧૧, રવિવારે તેઓએ ગચ્છને ચેતવણી આપતો પત્ર લખ્યો હતો. તે પત્ર ભૂજના સંઘપતિ નાથા નારાણજી હસ્તે, સાકરચંદ પાનાચંદને લખ્યો હતો તે પત્રની નકલો અંચલગચ્છાધિપતિ છેલ્લા શ્રીપૂજ જિનેંદ્રસાગરસૂરિજી તથા અન્ય સંઘોને પણ મોકલવામાં આવેલી. તે પત્રમાંથી ગચ્છના ભાવિ આધ્યાત્મિક વિકાસ અંગે તેઓના હૃદયની વિચારણાઓ અને માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. (તે પત્ર 'અંચલગચ્છ દિગ્દર્શન' પૃ. ૬૦૦ પર પણ પ્રકાશિત છે) તે પત્ર પરથી જણાય છે કે શ્રી જિનેન્દ્રસાગરસૂરિની પાટે ગચ્છનાયક તરીકે ત્યાગી મુનિને જ સ્થાપવા જોઈએ. અને પૂજ્ય દાદાશ્રીએ તો એટલે સુધી જણાવ્યું કે 'એ ત્યાગી ગચ્છનાયકને હું મારો સમગ્ર સાધુ–સાધ્વી સમુદાય સોંપી દઉં. આ તેમની ઉદાત્ત અને મંગલ ભાવના પ્રત્યે શિર ઝૂકી જાય છે.

પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. ના ઉપરોક્ત પત્ર અનુસાર ખાસ કંઈ કાર્યવાહી ન થઈ અને સં. ૨૦૦૪, કાર્તિક વદ ૧૦ ના છેલ્લા શ્રીપૂજ શ્રી જિનેંદ્રસાગરસૂરિ ભુજપુર પોશાળમાં સ્વર્ગસ્થ થયા. હવે ગચ્છનાયક કોણ ? અલબત, તે વખતે યતિઓ-ગોરજીઓની સંખ્યા પણ નહીંવત હતી. આવી સ્થિતિમાં શ્રી જિનેંદ્રસાગર સૂરિ પછી શ્રીપુજ ગચ્છનાયક કોને બનાવવા ? તે પ્રશ્ન હતો જ. બહોળા ત્યાગી સમુદાયના નાયક પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મહારાજ હતા. ઉપરોક્ત પત્ર અંગે ખાસ કાર્યવાહી ન થઈ હોઈ, પૂ. દાદાશ્રીએ સં. ૨૦૦૩ માં પોતાનો સમગ્ર આજ્ઞાવર્તી સાધુ-સાધ્વી સમુદાય પોતાના પ્રશિષ્ય પૂ. ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી ગણિવર્યને યોગ્ય જાણી સોંપી દીધો હતો. આમ છતાં ગચ્છનાયકનો પ્રશ્ન ઉપસ્થિત જ હતો. શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિના ગૃહસ્થ વેશધારી શિષ્ય શ્રી ક્ષમાનંદજી કે જેઓ શ્રી જિનેંદ્રસાગરસૂરિના પટ્ટધર થવા પોતાને અસમર્થ સમજતા હતા, તેમને પણ આ વાત મનમાં ખટકતી હતી, કે ગચ્છનાયક વગર ગચ્છ કેમ શોભે ?

અંતે તેઓની પણ પસંદગી વિશાળ સમુદાયના ગણનાયક પરમ ત્યાગી પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મહારાજા સાહેબ પર જ પડી. જો કે પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મહારાજા સાહેબ સદાય પદવીથી દૂર રહ્યા હતા, આમ છતાં ૮૯ વર્ષની વૃદ્ધ ઉંમરે પણ તેમને સતત શાસન અને ગચ્છોન્નતિની ચિંતા હતી જ. સં. ૨૦૦૯ ના મહા વદમાં રામાણીઆ (કચ્છ) ના ધ્વજદંડ પ્રતિષ્ઠા અને સુવર્ણ મહોત્સવ પ્રસંગે પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ સા., પૂજ્ય ઉપાધ્યાયજી ગુણસાગરજી મ. સા. સમેત મુનિવરોની પાવન નિશ્રા હતી. વિધિવિધાન કરાવનાર શ્રી ક્ષમાનંદજી હતા. પ્રતિષ્ઠા વખતે અનેક સંઘો અને આગેવાન શ્રાવકોની ખૂબ જ અવરજવર હતી. દરમ્યાન ગચ્છમાં ત્યાગી એવા ગચ્છનાયકની ઉણપ બધાને સાલતી હતી. આ ચર્ચાએ તે પ્રસંગે મહત્ત્વનો વળાંક લીધો. શ્રી ક્ષમાનંદજીએ આગેવાનોને સમજાવી પછી સંઘને સાથે લઈ વિનંતિપૂર્વક ગચ્છાધિપતિ અને સૂરિપદ માટે પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા.ને પણ ખૂબ પ્રયત્ને સમજાવી અને મનાવી લીધા. શ્રી ક્ષમાનંદજી તથા શ્રી સંઘ અને આગેવાનોની વિનંતિનો પૂ. દાદાશ્રીએ સ્વીકાર કરી લીધો અને ત્યાં નાણ સમક્ષ ક્રિયા પણ કરવામાં આવી. પ્રતિષ્ઠાના નવગ્રહ, દશ દિકપાલાદિ પૂજનોનાં વિધિવિધાનોમાં 'અચલગચ્છાધિપતિ પૂ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યદેવશ્રી ગૌતમસાગર સૂરીશ્વરજી મ. સા. વિજય રાજ્યે' આ રીતે દશ વાર બોલી પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. ને 'અચલગચ્છાધિપતિ' અને 'આચાર્ય' તરીકે જાહેર કર્યા. આ રીતે દીર્ઘ સમયથી ચર્ચાતા પ્રશ્નનો સુખદ અંત આવ્યો અને શ્રીપૂજોનાં નેતૃત્વને પડદો પડયો. પરમ ત્યાગી અને સમર્થ ગચ્છનાયક પ્રાપ્ત થતાં શ્રી સાધુ-સાધ્વી સમુદાયમાં તથા શ્રી સંઘમાં આનંદ વ્યાપી રહ્યો.

અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રી ગૌતમસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ તો પરમ ત્યાગી અને અનેક આત્માઓનાં દીક્ષાદાતા તારક ગુરુવર્ય હતા. નિત્ય તપસ્વી અને જ્ઞાનધ્યાનમાં લીન હતા. છેલ્લા કેટલાક ગચ્છનાયકો પૈકી શ્રી વિવેકસાગરસૂરિ શ્રી જિનેંદ્રસાગરસૂરિને ગચ્છનાયક બનાવતી વખતે જ ગચ્છાધિપતિ અને સૂરિ તરીકે જાહેર કરાયા હતા. તેમણે ન તો વડી દીક્ષા સ્વીકારી હતી, કે વડી દીક્ષા માટેના યોગ કર્યા હતા. તેમ જ ગચ્છનો પ્રાણસ્વરૂપ સાધુ-સાધ્વી સમુદાય પણ તેઓની-શ્રીપૂજોની આજ્ઞામાં કેમ રહે ? ત્યાગી નહીં', એવા શ્રીપૂજો જો આચાર્ય, સૂરિ કે ગચ્છનાયક તરીકે જાહેર થયા, તો પરમ ત્યાગી અને અચલગચ્છના પ્રાણસ્વરૂપ અને સમર્થ કર્ણધાર પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. તો ગચ્છાધિપતિ અને આચાર્ય તરીકે જાહેર થયા, તે આપણા સંઘના ઈતિહાસ માટે ગૌરવનો જ વિષય કહેવાય. પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિજી મ. સાહેબે ગચ્છમાં નવચેતના આણી. વિદ્યમાન અચલગચ્છનો શ્રી ચતુર્વિધ સંઘ પૂ. દાદાશ્રીને કદાપિ ન ભૂલી શકે.

પૂ. દાદાસાહેબે શ્રી સંઘમાં જે જાગૃતિ આણી, તેમાં પોતાના આજ્ઞાવર્તી સાધુ-સાધ્વી સમુદાયમાં કરેલું જીવન ઘડતર એ મુખ્ય જાગૃતિ હતી. શરૂમાં સંવિજ્ઞ અને ત્યાગી તરીકે તેઓ એક જ હતા. તેમાંથી અદમ્ય પુરુષાર્થ આદરી શૂન્યમાંથી વિરાટનું સર્જન કરી દીધું. મુમુક્ષુ દીક્ષાર્થીઓને તથા સાધુ–સાધ્વીજીઓના જીવનઘડતર માટે તેઓએ નિયમો નક્કી કર્યા હતા.

નિયમ નં. ૧૫ મુજબ તેમ જ અનુભવીઓના કહેવા મુજબ પૂ. દાદાશ્રીએ હાજરી–નિયમ પત્રકો તૈયાર કરેલાં. તેઓનાં આજ્ઞાવર્તી સાધુ–સાધ્વીજીઓ તે પત્રક પૂરતાં. બાદ તે પત્રકોનું પૂ. દાદા ગુરુદેવશ્રી નિરીક્ષણ કરતા. આ નિયમોમાં કેમ કચાશ છે ? અમુક આટલો સ્વાધ્યાય કેમ ન થયો ? ઇત્યાદિ અંગે પૂછતા. આલોચના આપીને તેઓને નિયમોમાં દઢ રહેવા માર્ગદર્શન–સૂચનાઓ આપતા. સંભવતઃ અહીં પ્રસ્તુત થતી કૃતિની નકલો કરાવી, તે વખતનાં સાધુ–સાધ્વીજીઓને પાઠવવામાં આવેલ હોય ! આ કૃતિથી પૂ. દાદાશ્રીના હૃદયમાં રહેલ ઉત્કટ ત્યાગ અને ત્યાગી સમુદાયમાં સંયમની અપૂર્વ જાગૃતિ અર્થે તેઓશ્રીની પ્રેરણા અને લગન સ્પષ્ટ સમજાઈ આવે છે. આવા પરમ યોગી, પરમ તારક પૂ. દાદાશ્રીને કોટિ કોટિ વંદના !

અહીં પ્રસ્તુત થતી '૩૮ સોનેરી શિખામણો' એ નામે આ કૃતિની મૂળ હસ્ત લિખિત પ્રત શ્રી અનંતનાથજી જૈન દેરાસર ( ખારેક બજાર ) મુંબઈના જ્ઞાનભંડારમાંથી મળી આવી હતી. પ્રત નં. ૩૨૦૪ છે. કુલ ૭ પત્ર છે પ્રતની હાલત સારી છે. આ પ્રત પૂ. દાદાશ્રી ગૌતમસાગરજી મ. સા. પોતાને હાથે જ લખેલી છે. આ પ્રતનાં અંતિમ પત્રનો બ્લોક આ ગ્રંથમાં આપવામાં આવેલો છે. આ પ્રત કયા સંવત કે કઈ તિથિમાં લખાઈ તે માહિતી મળી શકી નથી. અક્ષરશઃ અને શકયતઃ શુદ્ધ લખાણ આપવા પ્રયત્ન કરેલો છે. 'સોનેરી શિખામણો' શીર્ષક મેં આપ્યું છે.

આશા છે કે આ કૃતિ અનેકને માટે પ્રેરણારૂપ બનશે. – સંપાદક ]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री महावीर स्वामी नमः ॥
॥ अनंत लब्धिनिधाय श्री गौतम स्वामोने नमः ॥
॥ श्री सद्‌गुरुदेवाय नमो नमः ॥

(૧) શ્રી નમો સિદ્ધાણં. શ્રી વિધિપક્ષ (અચલ) ગચ્છના કચ્છ દેશના શ્રીસંઘ ગુર્જર જ્ઞાતિના શેઠ નાથા નારાણજી તથા વીશા ઓશવાળ જ્ઞાતિના તથા દશા ઓશવાળ જ્ઞાતિના, એમ ત્રણે જ્ઞાતિના સંઘ મુખ્ય મલી સ્વગચ્છ (અચલગચ્છ)ના મુનિમંડલ કાલના ભાવે કેટલાક મુનિઓના સ્વતંત્ર વર્તનથી આપસમાં કલેશ પેદા થાય છે. તે કલેશના ભાગીદાર કેટલાક શ્રાવકો સાધુના પક્ષપાતી થવાથી, મુનિઓ પોતાના શ્રાવકો રાગી થયા જોઇને બેફિકરથી વર્તીને મુનિઓને તથા સ્વગચ્છની લઘુતાને પમાડે છે. તે કલેશને અને સ્વગચ્છ શાસનની લઘુતાને નાશ કરવા માટે સંઘ મલી એક કમિટીની સ્થાપના કરવી જોઇએ. અવશ્ય તે કમિટીએ સ્વગચ્છની–શાસનની ઉન્નતિ કેમ થાય, તેમ પક્ષપાત મૂકી ન્યાય કાર્ય કરવું. જેથી પરમાત્માના સિદ્ધાંતથી વિરુદ્ધ ન થાય, તેવું વર્તન મુનિઓને કરાવવું. સંઘ ૨૫ (પચ્ચીસ)મો તીર્થંકર છે. માટે, મુનિવર્ગને શુદ્ધ માર્ગમાં વર્તાવવાનો તેનો ધર્મ છે.

(૨) કમિટીએ સ્વગચ્છ (અચલગચ્છ) નામ ધરાવનારા સાધુ–સાધ્વીના મંડલમાં એક આચાર્ય કે પ્રવર્તક અગ્રેસર સ્થાપવા. તે સર્વ સાધુ–સાધ્વીઓ અગ્રેસરની આજ્ઞામાં વર્તે. તેથી મુનિમંડલમાં કુસંપ, સ્વેચ્છાચારીનો વધારો ન જ થાય અને સ્વગચ્છની તથા શાસનની ઉન્નતિ થાય.

(૩) સાધ્વીના મંડલમાં પણ એક સાધ્વીજીને મહત્તરા પ્રવર્તની પદે સ્થાપવી જોઇએ, જેથી સર્વ સાધ્વીઓ મહત્તરા સાધ્વીની આજ્ઞામાં રહે

(૪) આ સમુદાયનાં દરેક સાધુ–સાધ્વીઓએ પોતાની, ગમે ત્યાં વિહાર કે વિચરવાની ઇચ્છા થાય, છતાં મુનિમંડલાગ્રેસરની તેમ મહત્તરા સાધ્વીની આજ્ઞાને અનુસારે વિચરવું. પરદેશ પત્ર દ્વારા આજ્ઞા મંગાવવી.

(૫) આ સમુદાયનાં સાધુ–સાધ્વીઓએ, કોઈ પણ ગામના સંઘ ચોમાસાની વિનંતિ કરે અને પોતાની ઇચ્છા તે ગામમાં ચોમાસું કરવાની થાય, તો પણ મંડલાગ્રેસરની આજ્ઞા મંગાવી તે પ્રમાણે કરવું.

(૬) એક ઠેકાણે ઉપરાઉપરી ચોમાસું ન કરવું. લાભાલાભ જેવું કારણ હોય, તો તે લાભ મંડલના અગ્રેસરને જણાવવો. દૂર હોય તો પત્રથી જણાવવો. તે પણ ત્યાંના સંઘનો પત્રસહીઓ સહિત જણાવવો. પછી મંડલના અગ્રેસરની આજ્ઞા પ્રમાણે પ્રેમથી આજ્ઞા પ્રમાણ કરવી. (આજ્ઞા પ્રમાણે જવું.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) ચોમાસું (ચાતુર્માસ) પૂર્ણ થયા બાદ લાભાલાભના કારણ સિવાય ત્યાં જ ન રહેવું.

(૮) સાધુ ઓછામાં ઓછા બે અને સાધ્વીઓ ઓછામાં ઓછાં ત્રણ, તે સિવાય મંડલના અગ્રેસરની આજ્ઞા સિવાય ન વિચરવું.

(૯) સ્વગચ્છના સાધુ સમુદાયના એક સાંઘાડામાંથી લડીને બીજા સ્વગચ્છના સાંઘાડામાં મલવા ઇચ્છતા સાધુ કે સાધ્વીને સાંઘાડાના માલિકે સ્વગચ્છના મુનિમંડલના અગ્રેસરની આજ્ઞા સિવાય એકદમ રાખવો નહીં. આવેલ મુનિને મંડલના અગ્રેસર પાસે મોકલવો, તેવી રીતે સાધ્વીએ મહત્તરા પાસે મોકલવી.

(૧૦) અન્ય ગચ્છના કોઈ સાધુ કે સાધ્વી, તે પરગચ્છમાંથી નીકળી, સ્વગચ્છમાં મલવા ઇચ્છા રાખનારાને એકદમ મંડલના અગ્રેસરની આજ્ઞા સિવાય શિષ્ય કરી ન રાખવો. તે આવેલ સાધુ કે સાધ્વીને મંડલના અગ્રેસર પાસે મૂકવો. પછી મંડલના અગ્રેસરે યોગ્ય જાણીને એક વખત સંઘે નીમેલ કમિટીને જણાવવું. અને કમિટીની સંપ સલાહથી કામ કરવું.

(૧૧) એક વખત દીક્ષા લઈને મૂકી દેનાર જો ફરીથી દીક્ષા લેવા તૈયાર થાય તો દીક્ષા ન જ દેવી. કદાચ વૈરાગ્યવાન હોય તો તે દીક્ષા ફરી લેનારને મંડલના અગ્રેસર પાસે મોકલવો. તે અગ્રેસર તેને યોગ્ય જાણે, તો પણ સંઘે નીમેલ કમિટીની સલાહથી ફરી દીક્ષા આપવી.

(૧૨) સાધુ–સાધ્વીઓએ લોચ શાસ્ત્ર પ્રમાણે વર્ષમાં બે વખત અવશ્ય કરવી. અને બાલ–ગ્લાન–વૃદ્ધ અને રોગાદિનાં કારણો હોય તો મંડલના અગ્રેસરની આજ્ઞા પ્રમાણે કરવી.

(૧૩) બાલ–વૃદ્ધ–ગ્લાન અને રોગાદિના કારણ સિવાય ગૃહસ્થ પાસે પુસ્તક સિવાય ઉપકરણ (ઉપાધિ) વગેરે ન ઉપડાવવાં.

(૧૪) બાલ–વૃદ્ધ–ગ્લાન અને રોગાદિના કારણ સિવાય સર્વ સાધુ–સાધ્વીઓએ પાંખીનો ઉપવાસ અવશ્ય કરવો. વિહાર આદિ કારણે આગળ પાછળ કરી લેવો.

(૧૫) દરેક સાધુ–સાધ્વીઓએ તપસ્યાદિક – સ્વાધ્યાય નિયમોની હાજરી પત્રક પ્રમાણે નિયમો પાળવા. રોગાદિના કારણે આગળ–પાછળ નિયમો સંપૂર્ણ કરવા. અગાઢ કારણે જયણા.

(૧૬) સાધુ–સાધ્વીઓએ સોના જેવી ચળકતી ધાતુના ફ્રેમવાળા તથા કચકડાના ચશ્મા ન રાખવા.

(૧૭) વડા (ગુરુઓ) સાથે વિચરનારા સાધુ–સાધ્વીઓએ, જરૂર કોઈને પત્ર લખવો હોય તો વડીલ–ગુરુ આદિકની મંજૂરી સિવાય ન લખવો. વડીલાદિકની મંજૂરી મેળવીને લખે. પત્ર લખી વડીલાદિકને વંચાવવો. તે વડીલાદિકને યોગ્ય લાગે તો મોકલે. તે સિવાય પોતાની અખત્યારીથી (મરજી મુજબ) કાગળ ન લખવો, ન મોકલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૮) કોઈ પણ સાધુ-સાધ્વીઓએ કાગળ-પત્ર મંગાવવો હોય તો વડીલ-ગુર્વાદિકને સરનામે મંગાવવો. તે કાગળ-પત્ર આવે તે વડીલાદિક પ્રથમ વાંચીને પછી યોગ્ય લાગે તો મંગાવનારને આપે. અયોગ્ય લાગે તો તે કાગળ કે પત્ર મંડલના અગ્રેસરને મોકલી દેવો. તેમાં સાધુ-સાધ્વીએ તકરાર ન લેવી. જેમ બને તેમ પત્રવ્યવહાર ઓછો કરવો.

(૧૯) ગૃહસ્થને દીક્ષાના ભાવ થાય તો તેને પ્રથમથી શ્રાવકના પંચપ્રતિક્રમણ, તેના શબ્દાર્થ, જીવવિચારાદિ, છ કર્મગ્રંથ, સાર્થ સિદ્ધાંતો શીખવવા અને યથાર્થ સાધુનો માર્ગ બતાવવો. વૈરાગ્ય પ્રાપ્ત થાય તેવો ઉપદેશ આપવો, શિષ્યની લાલચથી-ભયથી ખેંચાવું નહિ અને તેની પ્રકૃતિ તથા હીલચાલની પૂર્ણ પરીક્ષા કરવી. પછી મંડલના અગ્રેસરની સંમતિ મેળવીને દીક્ષા આપવી. તેમ સાધ્વીજીઓએ મહત્તરા સાધ્વીની સંમતિ મેળવીને બાઈને દીક્ષા અપાવવી, મંડલાગ્રેસરની આજ્ઞાથી.

(૨૦) ભાવ દીક્ષિતના કુટુંબીઓની રાજીખુશીથી તેમની આજ્ઞાના કાગળ લખાવીને મંડલાગ્રેસરજીને રજૂ કરવા. પછી મંડલના અગ્રેસરે તે ભાવચારિત્રીઆ (દીક્ષાર્થી)ના કુટુંબની ખુશીથી રજાના કાગળની ખાત્રી મંગાવી, પછી દીક્ષાની આજ્ઞા આપવી.

૨૧) ભાવ ચારિત્રીઆને (દીક્ષાર્થીને) આગળથી લોંચ કરાવવાનું ચોક્કસ કરી લેવું.

(૨૨) સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થ પાસે કપડાં ન ધોવરાવવાં.

(૨૩) સાધુ-સાધ્વીઓએ બહુ મૂલ્યવાળી કામળી-ધોંસા ન રાખવાં. અલ્પ મૂલ્યવાળી વસ્તુ વાપરવી. બહુ કિંમતવાળી કામળી વગેરે ન વાપરવી.

(૨૪) કોઈ શ્રાવક કે શ્રાવિકા દીક્ષા લેવા માટે આવેલ હોય તો તે પોતાના કુટુંબની આજ્ઞા સિવાય આવ્યા હોય તો સાધુ-સાધ્વીએ તેના વારસદારને સદ્‌ગૃહસ્થો પાસેથી કાગળ લખાવી તેના વારસદારોની આજ્ઞા મંગાવી પછી રાખવો ને સાધુના આચારો વગેરે શીખવવા.

(૨૫) સાધુ કે સાધ્વીઓએ રોગાદિ કારણ તથા તપસ્યાના પારણા સિવાય નવકારશી ન કરવી. પોરિસિના પચ્ચખાણ કરવા. ચા પીવાની ટેવ ન રાખવી.

(૨૬) મંડલના અગ્રેસર (મહત્તરા સાધ્વી) ગુર્વાદિક કોઈ પણ મુનિની વૈયાવચ્ચ અથવા સહાયતા માટે જ્યાં મોકલે ત્યાં જવું. તેમાં મનાઈ ન કરવી. ત્યાં જઈ પ્રેમથી પોતાની કર્મનિર્જરા માટે મુનિની વૈયાવચ્ચ કરીને આગલા મુનિને શાતા ઉપજાવી; તેમ સાધ્વીઓએ પણ સમજી લેવું.

(૨૭) કોઈ પણ સાધુ-સાધ્વીઓ ગુર્વાદિક સાથે અવિનયથી વર્તન કરે, ગુરુઆદિક સમજૂતી આપવા છતાં કદાગ્રહ કરે, કોઈ રીતે શાંતિથી ન વર્તે, તો પછી સાંઘાડાના ગુર્વાદિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડલના અગ્રેસરજીને કહે (જણાવે). તે અગ્રેસર કદાગ્રહી સાધુ-સાધ્વીને સમજણ આપી બીજા સાંઘાડામાં રાખે. તો પણ અવિનયી ત્યાં પણ અશાંતિથી વર્તે, તો ત્રીજા સાંઘાડામાં રાખે. તેમ કરતાં કદાગ્રહ ન મૂકે, શાંતિથી ન વર્તે તો પછી મંડલના અગ્રેસર સંઘની કમિટીને સર્વ હકીકત જણાવે. પછી કમિટીવાળાને અયોગ્ય લાગે ને કોનાથી (કોઈ સાથે પણ) સંપથી ન વર્તે તો છેવટે અવિનયી અને અનાચારીને સાધુ-સાધ્વીનો વેશ લઈને ગચ્છમાંથી કાઢી મૂકવો....કમિટીના હુકમથી.

(૨૮) સાધુઓએ કપડાંને સાબુ ન લગાડવો. સોડાખાર તથા આરીઠા વાપરવા.

(૨૯) સાધુઓ પોતે જે ઉપાશ્રયમાં વસતા હોય, ત્યાં સ્ત્રીઓને પ્રતિક્રમણ કરવાની મનાઈ કરવી. તે જ પ્રમાણે સાધ્વીઓને સમજવું. પુરુષોને પ્રતિક્રમણની મનાઈ કરી દેવી. પુરુષે પુરુષવર્ગમાં તેમ સ્ત્રીઓએ સ્ત્રીવર્ગમાં પ્રતિક્રમણ કરવું, ધર્મક્રિયા કરવી.

(૩૦) સાધ્વી કે ગૃહસ્થ સ્ત્રીએ એકલા સાધુ આદિ પુરુષ પાસે ન ભણવું. કલ્પસૂત્રની સમાચારી પ્રમાણે ભણવું. ઓછામાં ઓછી પાંચ વ્યક્તિ ભણવા માટે જોઈએ (વિજાતીય માટે).

(૩૧) સાધુઓએ પોતાની વસ્તીમાં રાત્રિના ભાગમાં સ્ત્રીવર્ગને આવવાની મનાઈ કરવી. જરૂર જેવું હોય તો એક-બે પુરુષ સાથે હોવા જોઈએ. તેમ સાધ્વીઓએ પુરુષને મનાઈ કરવી...ઉપર પ્રમાણે.

(૩૨) સાધુ-સાધ્વીઓએ શિષ્ય-શિષ્યાને પ્રથમ નવકાર મંત્રથી માંડી પંચપ્રતિક્રમણ તથા પ્રકરણ, જીવવિચાર, છ કર્મગ્રંથ અર્થ સહિત ભણાવ્યા પછી બુદ્ધિમાન હોય તો વ્યાકરણ ભણાવવું.

(૩૩) સાધુ-સાધ્વીઓએ રેશમનાં કપડાં કે રૂમાલ ન વાપરવાં. જ્ઞાનનાં ઉપકરણ પાઠા તથા પાટલીઓ ચોપડીઓ ઉપર રેશમી કપડું ન ચડાવવું. સ્થાપનાચાર્યજીને માટે મુહપત્તિ, રૂમાલ રેશમનાં ન વહોરવાં.

(૩૪) સાધુ-સાધ્વીઓએ કામળી વિગેરેમાં ભરત ન ભરવું. ભરત ભરેલ ઉપકરણ ન વાપરવાં. ફક્ત ઓઘા માટે અષ્ટ માંગલિક ભરેલ પાઠો વાપરવો, તેની છૂટ. તે સિવાય (ભારતીગર) રંગીન ભરત ભરેલ ઉપકરણ ન જ વાપરવું.

(૩૫) સામાન્ય સાધુ મંડલના અગ્રેસરની આજ્ઞાથી નાની દીક્ષા સાધુ-સાધ્વીને આપી શકે, પણ જોગ મોટા-નાના વહન કરાવવા કે મોટી દીક્ષા તો મંડલના અગ્રેસરની આજ્ઞાથી પદવીધર સિવાય સામાન્ય સાધુ મોટા જોગવહન ને વડી દીક્ષા ન કરી શકે.

(૩૬) સાધુ-સાધ્વીઓ કોઈ ગૃહસ્થને ઉપદેશ આપી ભાવચારિત્રીઓ બનાવે અથવા કોઈ પોતાની ઇચ્છાથી વૈરાગ્યવાન ચારિત્ર લેવા આવેલને ભણાવવું. તેની પ્રકૃતિ વગેરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચરણની પરીક્ષા કરવી. શિષ્યના લોભમાં ન પડવું. કદાચ પોતાથી પરીક્ષા ન થાય તો પોતાના ગચ્છના મુનિઓના સાંઘાડામાં ભાવ-ચારિત્રીઆ (દીક્ષાર્થી)ને મોકલવો. (જેના ઉપદેશથી મૂકેલ) ભાવ-ચારિત્રીઆની વડીલોએ પરીક્ષા કરવી. મૂકેલ મુનિને યથાર્થ હકીકત લખવી. ભાવચારિત્રીઆના ગુણદોષ લખવા. પણ આવેલ •ભાવ-ચારિત્રીઆને આડું અવળું સમજાવીને પોતાનો શિષ્ય ન કરવો. પરીક્ષા સિવાય દીક્ષા ન આપવી, જેથી પાછળથી પસ્તાવો ન થાય.

(૩૭) સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થને અથવા ભાવ-ચારિત્રીઆને ભણાવવો, તે પરમાર્થથી પણ તે ગૃહસ્થને ચારિત્ર લેવા ઈચ્છા બીજા પાસે થાય તો મમત્ત્વભાવ ન રાખવો.

(૩૮) સાધુ-સાધ્વીઓના તથા સ્વગચ્છના સાધુમંડલના સુધારા માટે મંડલના અગ્રેસર તથા સામાન્ય સાધુ કે સાધ્વી અથવા સંઘે નીમેલ કમિટીના ધ્યાનમાં આવે તે કાયદો કોઈ પણ નવીન તે મંડલના અગ્રેસરની સમતિથી પસાર કરે તે સર્વ સાધુ-સાધ્વીઓએ નવીન કાયદાને માન્ય કરવો. હયાત ગુરુનામ ધરાવ્યા સિવાય કોઇએ તે સાધુને સ્વગચ્છમાં ન માનવો.

(૩૯) આ કલમોની બુકની નકલ દરેક સાધુ-સાધ્વીઓને આપવી. તે દરેક સાધુ-સાધ્વીઓએ તે કાયદા પ્રમાણે પ્રેમભાવથી વર્તવું......

શ્રી અસ્તુ !

લિ.
ગૌતમસાગરજી
સ્વરૂપસાગરજી સ્વ હસ્તે

[ શ્રી અનંતનાથ જૈન જ્ઞાનભંડારની પ્રતમાંથી / નં. ૩૦૨૪, પાના ૭ ]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org